**રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર–૧/૨૦૧૮ના કામે આંક–પ તળે હુકમ**

---

(૧) વાદી એ દબાણ દુર કરવા દરમ્યાન ઉપજ તથા જાથુના મનાઈ હુકમનો દાવો લાવી દાવા સાથે હાલની આંક – પ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લાવેલ છે. વાદીની હાલની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, કડાણા તાલુકાના માલવણ ગામે આવેલ સર્વે નં. ૩/૧ જેનો સીટી સર્વે નં. ૨૫૬ કે જેની દક્ષિણ તરફના ભાગે પશ્ચિમ તરફ માલવણ કેળામુળ રોડ તરફ રોડના મધ્ય બિંદુથી ખુલ્લી છોડવા પાત્ર જમીન ઉપર આ કામના પ્રતિવાદીઓએ પશ્ચિમથી પુર્વ તરફ કેબીનો ગેરકાયદેસર ટ્રેસપાસરની હેસીયતથી મુકેલાં છે. સી.સ.નં. ૨૫૬ ની મિલકત વાદીઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી હોઈ અને તેનો ઉપયોગ બીનખેતી તરીકે કરવા માંગતા હોઈ વાદીઓએ તાલુકા પંચાયતશ્રી સંતરામપુર નાઓ પાસેથી બીનખેતીની માંગણી કરતી અરજી તા. ૨૫/૯/૭૯ ના રોજ કરતાં જે પરત્વે તા. ૩૦/૧૦/૭૯ ના રોજ હુકમ કરતા બીનખેતી કરવામાં આવતાં જે ઉપર દુકાનોનુ બાંધકામ કરેલ. આ કામના પ્રતિવાદીઓએ વાદીઓની ગેરહાજરીમાં સને ૨૦૦૭ ની સાલમાં કેબીનો બનાવેલ. જેથી વાદીએ કેબીનો ખસેડી લ ેવા જણાવતા પ્રતિવાદીઓએ જણાવેલ કે આ કેબીનો રસ્તાની જમીનમાં છે તમારી માલીકીની જમીનમાં નથી જેથી વાદીઓએ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી સં તરામપુરનાઓ સમક્ષ માપણી કરવા રજુઆત કરતાં તા. ૨૧/૬/૨૦૦૮ ના રોજ માપણી કરતાં પ્રતિવાદીઓના કેબીનો સી.સ.નં. ૨૫૬ મા આવેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ. તેમ છતાં પ્રતિવાદીઓએ કેબીનો દુર કરેલ નહી. સને ૨૦૧૫ ની સાલમાં વાદીઓએ પ્રતિવાદીઓને આખરી ચેતવણી સ્વરુપે કેબીન ખસેડી લેવા જણાવેલ. જેથી કેટલાક સ્થાનીક આગેવાનોને મળી છેલ્લો એક વર્ષનો સમય આપવા રજુઆત કરતાં વાદીઓએ એક વર્ષ સુધી કોઈ કાર્યવાહી કરેલ નહી. પરંતુ પ્રતિવાદીઓ તેમના વચનથી ફરી જતાં આ

કેબીન કયારેય ખાલી કરવાના નથી તેમ જણાવતાં તેમજ તેમનો કેબીનો ખાલી ન કરવાનો બદઈરાદો જાહેર થતાં વાદીઓને મળેલ સલાહ અન્વયે તા.૧૯/૪/૨૦૧૭ ના રોજ સ્વાગત કાર્યક્રમો હેઠળ તમામ અધિકારો સમક્ષ દબાણ દુર કરવા રજુઆત કરેલ. પરંતુ મામલતદારશ્રીનાઓ દવારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી. કારણકે કેટલાક સ્થાનીક ઈસમો વાદી પાસેથી આ કેબીનો પાછળ રહેલી વાદીની દુકાન સસ્તાભાવે વેચાણ લેવા માંગે છે. આમ વારંવાર રજુઆત કરવા છતાં એક યા બીજા ઉપર જવાબદારી ઢોળી કોઈ કાર્યવાહી કરેલ નહી. જેથી તેઓએ તા.૧૦/૧૧/૨૦૧૭ ના રોજ રજી.પો.એડી.થી દબાણ દુર કરવાની નોટીસ આ પ્રતિવાદીઓને આપેલ. જે નોટીસ બજી જવા છતાં કોઈ જવાબ આજદીન સુધી આપેલ નહી કે દાવાવાળી મિલકતનો કબજો સુપ્રત કરેલ નથી.

વધુમાં વાદીઓના કથન મુજબ દાવાવાળી મિલકત પર આવેલ આ ૩ કેબીન કોઈ પંચાયત દફતરે નોધાંયેલ નથી કે આકારણી થયેલ નથી અને ગેરકાયદેસર વીજ કનેકશન મળેવેલ છે. જેથી પ્રતિવાદીઓ વીજચોરી કરતા હોવાની તા. ૧૦/૧૧/૨૦૧૭ ના રોજ પ્રતિવાદી નં. ૪ ને લેખિત નોટીસ આપેલ તેમ છતાં પ્રતિવાદી નં. ૪ નાઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી કે પ્રતિ ઉત્તર આપેલ નહી. પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતમા આવેલ કેબીનોની હયાત સ્થિતીમા કોઈ ફેરફાર કરે કરાવે તો વાદીની સ્વતંત્ર માલીકીની મિલકતના વાપર ઉપભોગમા અંતરાય થાય છે આમ આ દાવાના કામે વાદીનો બોનાફાઈડ ટ્રાયેબલ ઈસ્યુ સમાયેલ છે. વાદીઓને માંગ્યા મુજબનો હુકમ કરવાથી પ્રતિવાદીઓને કોઈ અગવડ પડે તેમ નથી, કોઈ લીગલ ઈન્જરી થાય તેમ નથી તેવી હકીકત જણાવી મનાઈહુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) વાદીએ એવી દાદની માંગણી કરેલ છે કે આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓ કે તેમના વાલી વારસો કે એજન્ટો આ દાવાવાળી મિલકતમાં આવેલ કેબીનોની હયાત સ્થિતીમાં કોઈપણ ફેરફાર કરે કરાવે નહી કે અન્ય કોઈ પણ ઈસમને ગીરો, બક્ષિસ કે વેચાણ કે કોઈપણ રીતે તબદીલકરે કરાવે નહી તેવો

મનાઈહુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને ધારાસર સમન્સ તથા નોટીસની યોગ્ય રીતે બજવણી થયેલી છે અને પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફત નામ. કોર્ટ સમક્ષ હાજર થયેલા છે. પરંતુ પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓએ દાવાઅરજી કે મનાઈઅરજીનો કોઈ જવાબ રજુ કરેલ નથી. જયારે પ્રતિવાદીનં.૪ નાઓને સમંસ–નોટીસની ધારાસર બજવણી થવા છતાં તેઓ જાતે કે તેમના વકીલશ્રી મારફત નામ.કોર્ટ સમક્ષ હાજર થયેલા ન હોઈ આંક–૧ તળેના હુકમ મુજબ પ્રતિવાદી નં. ૪ સામે સદરહુ દાવાનુ કામ એકતર્ફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલો છે. સદર કામે પ્રતિવાદી નં. ૧ અને ૩ નાઓ કે તેમના વકીલશ્રીનાઓ હાજર રહેતા ન હોય તેમનો સુનાવણીનો હક તા. ૨/૧૨/૨૦૨૩ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે વાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલા છે.

| અ.નં. | માર્ક/આંક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧. | ૩/૧ | સી.સ.નં. ૨૫૬ના પ્રોપર્ટી કાર્ડની નકલ |
| ૨. | ૩/૨ | સી.સ.નં. ૨૫૬ની માપણી શીટની નકલ |
| ૩. | ૩/૩ | વાદીઓએ દબાણ દુર કરવા કરેલ અરજીની નકલ |
| ૪. | ૩/૪ | વાદીએ કરેલ અરજીનો કલેકટરશ્રીએ કરેલ પ્રતિઉત્તરની નકલ |
| ૫. | ૩/૫ | વાદીઓએ માર્ગ અને મકાન વિભાગ સંતરામપુરનાઓને કરેલ લેખિત રજુઆતની નકલ |
| ૬. | ૩/૬ | ના.કા.ઈ.શ્રીએ વાદી નં. ૧ ના દીકરાને પાઠવેલ પ્રતિઉત્તરની નકલ |
| ૭. | ૩/૭ | વાદીઓએ પ્રતિવાદી નં. ૧ થી ૩ ને આપેલ નોટીસની નકલ |
| ૮. | ૩/૮ | સદર નોટીસ પ્રતિવાદીઓને મળીગયેલ બદલ ઈન્ડીયા પોસ્ટની વેબ સાઈટ ઉપર થી લીધેલ સ્ટેટસ રીપોર્ટનીનકલ |

| | | |
|---|---|---|
| ૯. | ૩/૯ | વાદીઓએ પ્રતિવાદી નં. ૪ ને આપેલ નોટીસની નકલ |
| ૧૦ | ૩/૧૦ | સદર નોટીસ પ્રતિવાદી નં. ૪ને મળી ગયેલ બદલ ઈન્ડીયા પોસ્ટની વેબ સાઈટ ઉપર થી લીધેલ સ્ટેટસ રીપોર્ટની નકલ |

(૫) આ કામે પ્રતિવાદી તર્ફે નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલા છે.

| **અ.નં.** | **માર્ક/આંક** | **દસ્તાવેજનુ વર્ણન** |
|---|---|---|
| ૧. | ૫૩/૧ | પ્રતિવાદી નં. ૧, ૩ નાઓને છુટા થવા માટે આપેલ નોટીસની નકલ |
| ૨. | ૫૩/૨ | પ્રતિવાદી નં. ૧ અને ૩ નાઓને કરેલ આર.પી.એડી.ની પહોંચ અસલ |

(૬) આ કામે વાદીઓ તર્ફે વિ.વ.શ્રી જે.એ.પાઠક નાઓએ અરજી મુજબ પોતાની રજુઆત ગુજારેલ છે જયારે પ્રતિવાદી તરકે કોઈ હાજર ન રહેતા તેમનો સુનવણીનો હક બંધ કરવામા આવેલ છે.

(૭) આ કામે ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતાં, સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓનો નિર્ણય કરવો જરુરી બને છે.

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સગવડતા–અગવડતાની દ્દષ્ટિએ સંજોગો વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને માંગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ આપવામાં ન આવેતો તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારાત્મક

૨. નકારાત્મક

૩. હકારાત્મક

૪. આખરી હુકમ મુજબ

**//મુદ્દાઓના નિર્ણય અંગેના કારણો//**

**મુદ્દાનં.૧ :–**

(૯) આ કામે વાદી તરફે રે.સ.નં. ૩/૧ સી.સ.નં. ૨૫૬ ની જમીન વાદીઓની માલીકીની હોવાની હકીકત વાદી પોતાની દાવાઅરજીમા જણાવેલ છે. માર્ક ૩/૧ નો દસ્તાવેજ રજુ કરેલ છે અને સદર જમીનનાં દક્ષિણ ભાગે પુર્વ પશ્ચિમ દુકાનો આવેલાની અને તેની આગળ સદર જમીનમાં દુકાનોની આગળ કેબીન આવેલાની હકીકત માર્ક ૩/૨ ની માપણી શીટ પરથી જણાઈ આવે છે તેમજ સદર દબાણ દુર કરવા વાદી તરફથી નાયબ કાર્યપાલક ઈજનેર, કલેકટરશ્રી વિગેરેને અરજીઓ કરેલાની હકીકત વાદી તરફે રજુ આંક–૩ ના ડી.લીસ્ટ નાં દસ્તવોજો આધારે પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

વધુમાં વાદીની દાવા અને મનાઈ અરજીની સમન્સ/નોટીસ આ કામના પ્રતિવાદીઓને બજી ગયેલ હોવા છતાં તેમના તરફે વાદીઓની દાવા કે મનાઈ અરજીનો કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. આવા સંજોગોમાં માર્ક ૩/૧ નાં દસ્તાવેજથી દાવાવાળી જમીન વાદીઓની માલીકીની હોવાની અને માર્ક ૩/૧ નાં દસ્તાવેજ પરથી વાદીઓની માલીકીની જમીનમાં કેબીનો આવોલની હકીકત વાદી પ્રથમદર્શનીય રીતે બતાવવામાં વાદીઓ સક્ષમ રહેલાનું મારુ માનવુ છે.જેથી મુદા નં. ૧ નો મારો નિર્ણય હકારમાં આપુ છુ.

**(૧૦) મુદ્દાનં.૨ :–**

આ કામે વાદીઓ તરફથી દાવાવાળી મિલકતની સ્થળ સ્થિતીનું કોઈ પંચનામુ

કરવામાં આવેલ નથી. વળી, વાદીઓ દાવાવાળી મિલકતો હાલમા કોઈ ઉપયોગ, ઉપભોગ કરતાં હોવાની હકીકત રેકર્ડ પર નથી. ઉલટાનું પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં કેબીનો મુકેલાની હકીકત જણાવે છે. જેથી સગવડતા અગવડતાની દ ષ્ટીએ વાદીઓ તેમનો કેસ બતાવવામાં નિષ્ફળ રહેલાનું મારુ માનવુ છે. જેથી મુદા નં. ૨ નો મારો નિર્ણય નકારમાં આપુ છુ.

**(૧૧) મુદ્દાનં.૩ :–**

મુદા નં. ૧ મા કરેલ ચર્ચા મુજબ વાદીઓ થમ દર્શનીય રીતે દાવાવાળી મિલકત તેમની માલીકીની હોવાનું બતાવવામા સફળ રહેલ છે. હવે જો સદર મિલકત પ્ર તિવાદીઓ અન્ય કોઈ વ્યકિતને ગીરો, બક્ષિસ કે અન્ય રીતે વેચાણ કરી દે તો વાદીઓને અન્ય વ્યકિતઓ વિરુઘ્ધ દાવાદુવીના ખર્ચમાં ઉતરવું પડે. એવા સંજોગોમાં વાદીઓને જે માનસિક આઘાતનો સામનો કરવો પડે તે નાણાથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થયા બરાબર ગણી શકાય. જેથી મુદા નં. ૩ નો મારો નિર્ણય હકારમાં આપુ છુ.

**(૧૨)** હવે ઉપરોકત ચર્ચાનાં અંતે વાદીઓ મુદા નં. ૧ અને ૩ તેમની તરફેણમાં હોવાનું બતાવવામાં સફળ રહેલ છે. પરંતુ આ કામે વાદીઓ તરફે આંક–૫ ની દાદમાં પ્ર તિવાદીઓ દાવાવાળી મિલકતમાં આવેલ કેબીનોની સ્થળ સ્થિતીમાં કોઈ ફેરફાર કરાવે નહી તેવી દાદ માંગેલ છે. પરંતુ વાદી તરચે કોર્ટ કમિશ્નર દવારા આ કામે કોઈ પંચનામુ કરી કે અન્ય પુરાવાથી સ્થળ પર દાવાવાળી મિલકતમાં કેબીનોની શું સ્થિતી છે તે બાબત કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી તેવા સંજોગોમાં વાદીને તે દાદ અપાવાથી મનાઈહુકમ ભંગના કિસ્સામાં ખરેખર મનાઈ હુકમ ભંગ મળેલ છે કે કેમ તે હકીકત કોર્ટ મારફત નકકી થઈ શકે નહી. જેથી વાદીને તે દાદ આપી શકાય નહી. જો કે પ્રતિવાદીઓ અન્ય કોઈ ઈસમને સદર કેબીનો કોઈ રીતે તબદીલ કરાવે તો વાદીઓને નાહકની તે ઈસમો વિરુઘ્ધ કાયદેસરની કાર્યવાહીમા ઉતરવું પડે તે પરીસ્થીતીનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં મુદા નં. (૨) નો નિર્ણય નકારમાં અને મુદા નં. (૧)અને (૩) નો નિર્ણય હકારમાં આપી મુદા નં. (૪) પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરુ છુ.

**// હુકમ//**

- વાદીઓની સદરહુ આંક–૫ની અરજી અંશત મંજુર કરવામાં આવે છે.
- આ કામના વાદીઓની તરફેણમા તથયા પ્રતિવાદી નં. ૧ થી થી ૩ નાઓ ની વિરુધ્ધમા એવો કામચલાઉ મનાઈ હુકમ આપવામા આવે છે કે સદર દાવાના આખરી નીર્ણય આવતા સુધી આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓ દાવાવાળી મિલકતમા આવેલ કેબીનો અન્ય કોઈ ઈસમને ગીરો, વેચાણ, કે બક્ષિસ કરવા કરાવવા નહી કે અન્ય રીતે સદર કેબીન અન્ય કોઈ ને તબદીલ કરવા કરાવવા નહી.
- ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

(સંજયકુમાર મહેન્દ્રકુમાર મિશ્રા)
સ્થળ:–દિવડાકોલોની.
પ્રિન્સીપાલ સિવિલ જજ
કડાણા, જી. મહીસાગર
જજ કોડ નં.જીજે–૦૧૨૪૮

//પી.એ.પરમાર//